# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૧

### જવાબપત્ર - ૧

સમય : ૧ કલાક
કુલ ગુણ : ૫૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

૧. આરતીમાં કેટલા તત્ત્વોથી ભગવાનનું પૂજન કરવામાં આવે છે?
(૧) બે તત્ત્વ **(૨) પંચતત્ત્વ** (૩) ચારતત્ત્વ **૧. ૨**

૨. આરતીમાં 'મુક્ત અનંત સુપૂજિત' પછી કઈ પંક્તિ આવે?
(૧) દર્શન સર્વોત્તમ્ **(૨) સુંદર સાકારમ્** (૩) અક્ષરબ્રહ્મ અનાદિ **૨. ૨**

૩. વ્યાપકાનંદ સ્વામીએ કોનો જીવ લઈ ઘોડીને જીવતી કરી?
(૧) માખીનો **(૨) મચ્છરનો** (૩) પતંગિયાનો **૩. ૨**

૪. ચાર વેદોમાંનો ૧ વેદ કયો છે?
(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(3) અથર્વ** **૪. 3**

૫. જન્મ-મરણના ચક્રમાં જીવ કયો સર્વોત્તમ દેહ ધારણ કરે છે?
(૧) પશુનો (૨) વૃક્ષનો **(3) મનુષ્યનો** **૫. 3**

૬. ઘનશ્યામ નાનપણમાં ક્યાં રહેતા હતા?
**(૧) છપૈયા** (૨) અટલાદરા (૩) જેતલપુર **૬. ૧**

૭. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા ક્યાં આપી?
(૧) જેતલપુરમાં (૨) લોયામાં **(3) પિપલાણામાં** **૭. 3**

૮. ઘનશ્યામને કોણ ઘરે જ ભણાવતા હતા?
(૧) શિક્ષક **(૨) ધર્મદેવ** (૩) પંડિત **૮. ૨**

૯. રાજા વજેસિંહે દરબારમાં લાડુદાનજીને ગાતા સાંભળીને શું કર્યું?
(૧) નાખુશ થયા (૨) ખુશ થયા અને ધન આપ્યું **૯. 3**
**(3) ખુશ થયા અને સોનાથી મઢવાનું વિચાર્યું.**

૧૦. મૂળજી ભગતે ગામના વૃધ્ધોને શું કરતા જોયાં?
**(૧) ગામના વૃધ્ધો ગામગપાટા કરતા હતા અને વ્યસન કરતા હતા.** **૧૦. ૧**
(૨) સર્વે વૃધ્ધો ભગવાનનું નામ સ્મરણ કરતા હતા.
(૩) સર્વે વૃધ્ધો પોતાના પૌત્રોને ભગવાનની વાતો કરતા હતા.

૧૧. ૧૩ જૂન, ૧૯૮૮માં કયા દેશની પાર્લમેન્ટમાં પ્રમુખસ્વામી મહારાજનું સન્માન થવાનું હતું?
(૧) અમેરિકા **(૨) કેનેડા** (૩) લંડન **૧૧. ૨**

૧૨. શિખરબધ્ધ મંદિરમાં થતી દિવસની પહેલી આરતી કઈ?
**(૧) મંગળા** (૨) શયન (૩) રાજભોગ **૧૨. ૧**

**૧૩.** એકાદશી કેટલી રીતે કરી શકાય છે?

(૧) ૧ (૨) ૨ **(૩) ૩** **૧૩.** | ૩ |

**૧૪.** યોગીજી મહારાજે શેની સ્થાપના કરી?

(૧) બી.એ.પી.એસ.ની **(૨) બાળમંડળની** (૩) કથાવાર્તાની **૧૪.** | ૨ |

**૧૫.** આરતી ઉતારી જ્યોત પર કેટલીવાર પ્રદક્ષિણાની જેમ જળ ફેરવવાનું હોય છે?

(૧) ૧ **(૨) ૩** (૩) ૪ **૧૫.** | ૨ |

**૧૬.** ડુંગળી-લસણ અને હિંગ આપણે શા માટે ન ખવાય?

(૧) રોગનું કારણ છે. **(૨) તે ખોરાક તામસી છે.** (૩) તે આપણને મૃત્યુ આપે છે. **૧૬.** | ૨ |

**૧૭.** હિમરાજ શાહ કયા પ્રસંગ દ્વારા સૌ પ્રથમવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંપર્કમાં આવ્યા?

(૧) ગોપાળાનંદ સ્વામીએ માંગેલ ધર્માદા દ્વારા **૧૭.** | ૨ |

**(૨) ગોપાળાનંદ સ્વામીની નાડી તપાસતા**

(૩) ગોપાળાનંદ સ્વામીની કથાવાર્તા દ્વારા

**૧૮.** પુનર્જન્મ પર સંશોધન કરનાર સંશોધનકાર કોણ છે?

(૧) આલ્બર્ટ આઈન્સ્ટાઈન **(૨) ઈઆન સ્ટીવન્સન** (૩) કોપરનીક્સ **૧૮.** | ૨ |

**૧૯.** એક નીચી જ્ઞાતિના ગરીબ વ્યક્તિને અંતકાળે (મૃત્યુ સમયે) શેના દર્શન થયા?

(૧) શ્રીજી મહારાજના કથા કરતા (૨) શ્રીજી મહારાજ રાસ રમતા **૧૯.** | ૩ |

**(૩) શ્રીજી મહારાજની મૂર્તિ પીરસતા**

**૨૦.** 'ઠે...ઠ અક્ષરધામથી આવ્યા છીએ.' આવું વાક્ય કોણે કહ્યું?

**(૧) ગુરુહરિ મહંતસ્વામી મહારાજ** (૨) મુક્તાનંદ સ્વામી (૩) ભગતજી મહારાજ **૨૦.** | ૧ |

**૨૧.** માણસિયો ખુમાણના જીવનમાં નીચેનામાંથી કઈ ઘટના નહોતી બની?

(૧) રૂ. ૨ લાખ (૨૦૦,૦૦૦) બચત કરી **૨૧.** | ૨ |

**(૨) નોકરીમાં પ્રગતિ મળી** (૩) ચોખ્ખો ધર્માદો કાઢતા

**૨૨.** શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ કયા સ્થળે ઉજવ્યો હતો?

**(૧) પંચાળા** (૨) ગઢડા (૩) ગોંડલ **૨૨.** | ૧ |

**૨૩.** રાજા વજેસિંહનો દરબાર ક્યાં હતો?

**(૧) ભાવનગરમાં** (૨) અમદાવાદમાં (૩) જામનગરમાં **૨૩.** | ૧ |

**૨૪.** સત્સંગની માસ્ટર કી શું છે?

(૧) નિર્દોષપણું (૨) અભિમાન **(૩) દાસપણું** **૨૪.** | ૩ |

**૨૫.** ૧૦૦ વર્ષ પૂર્વે, ઘનશ્યામ મહારાજની મૂર્તિ કયા ગામમાં પધરાવવાની હતી?

**(૧) રામપુરા, સુરત** (૨) અમદાવાદ (૩) બોચાસણ **૨૫.** | ૧ |

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

**૧.** વેદોમાં આત્મા - પરમાત્માનું જ્ઞાન હોતું નથી. **૧.** | ✗ |

**૨.** યોગીબાપાએ સંગીત અને સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી. **૨.** | ✓ |

**૩.** લાડુદાનજીની એક ઈચ્છા હતી કે શ્રીમદ્ ભાગવત કાળા કપડામાં વીંટેલું હોય. **૩.** | ✓ |

૪. બી.એ.પી.એસ. સંસ્થાની દેશ-વિદેશની પ્રવૃત્તિઓ, શાળા-છાત્રાલયોના બાંધકામ-સારસંભાળ તેમજ સંચાલન અને શિષ્યવૃત્તિ દ્વારા શૈક્ષણિક સેવા કરવામાં આવે છે. ૪. ✓

૫. પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ મૂળજી શર્મા હતું. ૫. ✗

૬. ગોપાળાનંદ સ્વામી કહે છે કે સમગ્ર બ્રહ્માંડમાં શ્રીજી મહારાજની ઈચ્છા વિના સૂકુ પાંદડુ હલવા સમર્થ છે. ૬. ✗

૭. કાવડ એ વાંસનું બનાવેલું વાહક છે. ૭. ✓

૮. શ્રીજી મહારાજ મધરાત્રે તેમના સ્વપ્નમાંથી જાગ્યા અને મુક્તાનંદ સ્વામીને તે સ્વપ્નની વાત કરી. ૮. ✓

૯. દંડવત્ એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી માળા કરવી. ૯. ✗

૧૦. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ અમદાવાદમાં ૧૭ ઓક્ટોબર, ૧૮૮૫ના રોજ થયો હતો. ૧૦. ✗

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

૧. ગુણાતીતાનંદ સ્વામી સાથે હોવા છતાં પણ વાઘા ખાચર ખુશ કેમ નહોતા?

જ. **તે નાખુશ હતા કારણ કે તેમને ભગતજી મહારાજના શબ્દો પર વિશ્વાસ ન હતો અને ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષર નહોતા માનતા.**

૨. સહજાનંદ સ્વામીએ પહેલું વરદાન કયું માંગ્યું?

જ. **જો કોઈ ભક્તને એક વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય, તો એ દુઃખ એને ન થતાં, મને રૂંવાડે રૂંવાડે કરોડ વીંછી જેટલું થાય.**

૩. સત્સંગીના પાયાનાં પાંચ વર્તમાન (પંચવ્રતો) કયા છે?

જ. **દારૂ ન પીવો, માંસાહાર ન કરવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલવું-વટલાવવું નહીં : અયોગ્ય આહાર-વિહાર ન કરવો.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

૧. વંદુ શ્રી હરિને સદા, ................................. કલ્યાણદાતા તમે.

જ. **વંદું શ્રી હરિને સદા હૃદયથી, ગુણાતીતાનંદને,**
**વંદું પ્રાગજી ભક્તને વળી નમું, શાસ્ત્રી મહારાજને.**
**વંદું શ્રી ગુરુ યોગીજી પ્રમુખજી, સૌના ઉરે જે રમે,**
**વંદું સંત મહંતસ્વામી ચરણે, કલ્યાણદાતા તમે.**

૨. ગુરુબ્રહ્મા ................................ ગુરવે નમઃ

જ. **ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** સિંહને વશ કર્યો **(પાઠ નં. ૫)**

**૨.** બી.એ.પી.એસ. સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** હિંદુ કોને કહેવાય? **(પાઠ નં. ૧)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**